## <u>મહે.જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ</u>

## <u>મું. માળીયા હાટીના.</u>

**<u>ફોજદારી કેસ નં. ૦૫/૨૦૨૪</u>**
**આંક :**

**શ્રી સરકાર**
(મુળ ફરિયાદી : ભોવાનભાઈ ગોકળભાઈ કાલરીયા)
(માળીયા હાટીના પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૩૬૨૩૦૩૬૭/૨૦૨૩) –**<u>ફરિયાદી.</u>**

**<u>વિરુધ્ધ</u>**

(૧) વિજયભાઈ મનસુખભાઈ ચુડાસમા,
(૨) કૌશીકભાઇ ઉર્ફે ખોડુ મનસુખભાઇ ચુડાસમા,
(૩) દિવ્યાબેન વા.ઓ. વિજયભાઇ મનસુખભાઇ ચુડાસમા
બધા રહે.:–ભંડુરી ગામ, દલીત વાસ, હનુમાનજીના મંદીર સામે, તા.માળીયા હાટીના. **<u>આરોપીઓ</u>**

**<u>આરોપ :–</u>** આઈ.પી.સી.કલમ–૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એ.કલમ–૧૩૫ મુજબ.

**<u>– ક મી ટ લ હુ ક મ –</u>**

(૧) આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ માળીયા હાટીના પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૩૬૨૩૦૩૬૭/૨૦૨૩ થી આઈ.પી.સી.કલમ–૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એ.કલમ–૧૩૫ મુજબની ફરીયાદ દાખલ થયેલ છે અને સદર ગુનાનાં કામે તપાસ પૂર્ણ થઈ જતાં હાલનાં આરોપીઓ વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારીએ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ રાખેલ છે.

(૨) આ કામનાં આરોપીઓ હાલ જામીન મુકત છે. આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ આજરોજ હાજર છે અને તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે. આ કામનાં આરોપીઓએ ગઈ તા. ૧૮/૧૦/૨૦૨૩ના કલાક ૦૮/૩૦ વાગ્યાના સુમારે માળીયા હાટીના તાલુકાના ભંડુરી ગામ દલીતવાસ સામે હનુમાન મંદીર પાસે રસ્તાના ભાગે આ કામના આરોપીઓની બહેન જયશ્રી બહેન આજથી એક વર્ષ પહેલા આ કામના ફરિયાદીના સાડુભાઈના દીકરા સાથે ભાગીને લગ્ન કરી જતી રહેલ હોય જે બાબતનું આરોપીઓને મનદુ:ખ રાખી આ કામના ફરિયાદી તેમના મકાન પાસે રસ્તેથી નીકળતા ફરિયાદીને આરોપી નં. ૧ નાંએ પાવડાના હાથા વડે તથા આરોપી નં. ૨નાંએ લોખંડના પાઈપ વડે માર મારી ફરિયાદીને શરીરે ઈજા કરી તથા ડાબા હાથના ભાગ ફેકચર ઈજા તેમજ આરોપી નં. ૩નાંએ ભુંડી ગાળો આપી એકબીજાને મદદગારી કરી હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી આઈ.પી.સી.કલમ–૩૨૫, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એ.કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે. આ કામનાં આરોપીઓની પ્લી લેવામાં આવેલી અને તેઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલી અને તેઓ

નામદાર સેશન્સ કોર્ટમાં પોતાનાં ખર્ચે વકીલ રોકી બચાવ કરવા માંગતા હોવાનું પુરસીશથી જાહેર કરેલ છે. હાલના કામે ક્રોસ કેસ મહે. એડીશનલ સેશન્સ કોર્ટ, કેશોદ ખાતે એટ્રોસીટી કેસ નં. ૦૬/૨૦૨૪થી દાખલ થયેલ છે. તેમજ સી.આર.પી.સી. કલમ–૩૨૩ મુજબ તથા સુધીર વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશનો ચુકાદો ધ્યાને લેતા ક્રોસ કેસની સાથે ચાલવા સદર કેસને સેશન્સ કમીટ કરવામાં આવે છે. આ કામનાં આરોપીઓને હવે પછીની મુદતે નામદાર સેશન્સ કોર્ટ, કેશોદ સમક્ષ હાજર રહેવાની સમજ આપવામાં આવેલ છે, સબબ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– <u>હુકમ</u> –**

આ કામનાં આરોપીઓ સામેનો ફોજદારી કેસ સી.આર.પી.સી.કલમ–૨૦૯ મુજબ નામદાર સેશન્સ કોર્ટ, કેશોદને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનાં આરોપીઓએ હવે પછીની મુદત તા. ૨૪/૦૭/૨૦૨૬નાં સવારનાં કલાક ૧૦.૩૦ વાગ્યે નામદાર સેશન્સ કોર્ટ, કેશોદ સમક્ષ હાજર રહેવું.

આ કામનાં તમામ કેસ પેપર્સ તથા મુદામાલ નામદાર સેશન્સ કોર્ટ, કેશોદને મોકલી આપવા તેમજ આ હુકમની જાણ એ.જી.પી. શ્રી, કેશોદ ને કરવી.

હુકમ આજ તારીખ : ૨૦ મી, માહે–જુન સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માળીયા હાટીના.
તારીખ : ૨૦/૦૬/૨૦૨૬

( બી.વી.ગોહિલ )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માળીયા હાટીના.
(JUDGE CODE : GJ-01456)